# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-09-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM – અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાતની પહેલી અમૃત ભારત ઍક્સપ્રેસ ટ્રૅનનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ ઉધના રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક ઍસી વગરની સ્લિપર ટ્રૅન સુરતના ઉધના અને ઓડિશાના બ્રહ્મપુર વચ્ચે દોડશે.**

**------------------------------------------------------------------------------------------**

## પંચાયતી રાજ મંત્રાલય

**પંચાયતી રાજ મંત્રાલય બીજી ઓક્ટોબરથી દેશમાં "સબકી યોજના, સબકા વિકાસ" અભિયાન શરૂ કરશે.**

**મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ રાષ્ટ્રવ્યાપી અભિયાન નાણાકીય વર્ષ 2026-27 માટે પંચાયત વિકાસ યોજનાઓ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરશે. આ અભિયાનનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં સેવા વિતરણ અને સારા પરિણામોમાં સુધારો કરવા માટે સહભાગી, પારદર્શક અને જવાબદાર સ્થાનિક શાસનને મજબૂત બનાવવાનો છે.**

**આ અભિયાન આદિ કર્મયોગી અભિયાન હેઠળ આદિવાસી સશક્તિકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે, જે ગ્રામ સભાઓને રાષ્ટ્રીય લક્ષ્યો અનુસાર સમાવિષ્ટ વિકાસ માટે નિર્ણાયક મંચ બનવા સક્ષમ બનાવશે.**

**------------------------------------------------------------------------------------------**

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન AIR મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ થશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

તેમજ મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટીન આકાશવાણી ભુજ પરથી આવતીકાલે સાંજે ૭ વાગીને ૫ મીનીટે પ્રસારિત કરાશે.

---------------------------------------------------------------------------------------

## MES સ્થાપના દિવસની ઉજવણી

ભુજ ખાતે મિલિટરી એન્જિનિયર સર્વિસિસ (MES)ના ૧૦૩મા સ્થાપના દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ૨૬ સપ્ટેમ્બર, ૧૯૨૩ ના રોજ મિલિટરી એન્જિનિયર સર્વિસિસ (MES)ની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા આજે ઉત્કૃષ્ટ એન્જિનિયરિંગ તકનિકો અને સેવાઓ થકી દેશની રક્ષા પ્રણાલીઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

ત્યારે એરફોર્સ સ્ટેશન દ્વારા આ દિવસની ઉજવણી નિમિતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગ્રુપ કેપ્ટન અને ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર આર.કે.યાદવે MESના ઇતિહાસ અને યોગદાનની પ્રશંસા કરીને

જણાવ્યું હતું કે, MES રાષ્ટ્રના સંરક્ષણનો અદ્રશ્ય રક્ષક છે, જે મુશ્કેલ પરિસ્થિતિઓ અને વિષમ હવામાન વચ્ચે પણ દેશહિત માટે પરિશ્રમ કરે છે.

તેઓએ MESના યોગદાનની તુલના ઓપરેશન સિંદૂર દરમિયાન દુશ્મન પર બોમ્બમારો કરનારા યોદ્ધાઓ સાથે કરી હતી અને વિભાગની કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં એમ.ઈ.એસ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------

## નવરાત્રિનું પાંચમું નોરતું

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિના પાંચમા નોરતે આજે માઁ દુર્ગાના પાંચ-મા સ્વરૂપ સ્કંદમાતાની પૂજા-અર્ચના કરાય છે. ધાર્મિક યાત્રાધામ સહિત રાજ્યભરમાં ગરબે ઝૂમી લોકો માતાજીની આરાધના કરી રહ્યાં છે.

ત્યારે જિલ્લામથક ભુજ સહીત શહેરી વિસ્તારો અને ગામડાઓમાં પણ અર્વાચીન અને પ્રાચીન ગરબાની રમઝટ જોવા મળી રહી છે. પરંપરાગત ઉજવણી થકી  યુવાનોથી માંડી વડીલો ગરબે ધૂમી રહ્યા છે.

તો પારંપરીક નવરાત્રિઓમાં શક્તિ સ્વરૂપ મહિલાઓ, બાળાઓ પણ ગરબે ધૂમી રહી છે અને માતાજીની આરાધના કરી છે. પૌરાણિક ગરબી થકી આ મહોત્સવથી સંસ્કૃતિને જીવંત રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

તો કચ્છ ધણીયાણી દેશદેવી માઁ આશાપુરાના પવિત્ર યાત્રાધામ માતાનામઢમાં નવરાત્રિના પાંચમાં દિવસે પણ સવારથી મંદિરમાં માતાજીના દર્શન માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે.

નવરાત્રિના પર્વમાં શ્રદ્ધાળુઓની સુવિધા માટે મંદિર ટ્રસ્ટે વિવિધ વ્યવસ્થાઓ કરી છે. આશાપુરા મંદિરે અત્યાર સુધી 2 લાખ 50 હજારથી વધુ ભક્તોએ માતાજીના દર્શન કર્યા છે અને આવનારા દિવસોમાં સંખ્યા વધી શકે છે.

---

## ખાસ શ્રેણીની જાહેરાત

**એક અગત્યની જાહેરાત....**

**આકાશવાણી ભુજ સમાચાર વિભાગ દ્વારા સેવા પર્વ નિમિત્તે ખાસ શ્રેણી અંતર્ગત ચોથા અંકમાં "આર્થિક સુધારાઓથી વિકાસને મળી રહેલ નવી ગતિ" એ વિષય પર આર્થિક વિશ્લેષક ડો. દિશા ગોસ્વામી સાથે અશરફ નથવાણીની વિશેષ ચર્ચા આજે રાત્રે ૮ વાગીને ૨૦ મિનિટે પ્રસારિત થશે.**

**આ કાર્યક્રમ અમારી યુટ્યુબ ચેનલ RNU ભુજ પર પણ જોઈ શકાશે.**

**જાહેરાત પૂરી થઈ...**

---